# યેદીયુરપ્પાના આવાસ પર દરોડા

બેંગ્લોર,તા.૧૬


ગેરકાયદે માઈનીંગ કૌભાંડના સંબંધમાં કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્યમંત્રી બીએસ યેદીયુરપ્પા સામે એફઆઈઆર દાખલ કર્યાના એક દિવસ બાદ જ સીબીઆઈએ આક્રમક વલણ અપનાવી લીધું છે. આજે સવારે સીબીઆઈના અધિકારીઓએ ભાજપના વરિષ્ઠ નેતાના નિવાસસ્થાન અને તેમના પરિવારના અન્ય સભ્યોના આવાસ ઉપર એક સાથે દરોડા પાડ્યા હતા. એક સાથે દરોડા પાડતાં સનસનાટી મચી ગઈ હતી. માહિતીગાર સૂત્રોએ કહ્યું છે કે હૈદરાબાદ અને બેંગ્લોરથી સીબીઆઈના અધિકારીઓની એક સંયુક્ત ટીમે યેદીયુરપ્પાના પુત્ર બીવાય રાઘવેન્દ્ર અને બીવાય વિજેન્દ્રના આવાસ ઉપર પણ દરોડા પાડ્યા હતા. ઉપરાંત યેદીયુરપ્પાના જમાઈ આરએમ સોહનકુમારના આવાસ ઉપર પણ દરોડા પાડવામાં આવ્યા હતા. આ ઉપરાંત બે માઈનીંગ કંપનીઓ ઉપર પણ દરોડા પાડવામાં આવ્યા હતા. કુલ આઠ સ્થળો ઉપર આ દરોડાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સીબીઆઈએ જેએસડબલ્યૂ સ્ટીલ અને સાઉથ વેસ્ટ માઈનીંગ કંપની લિમીટેડની ઓફિસ ઉપર પણ દરોડા પાડ્યા હતા. ઈન્સ્પેક્ટર જનરલ ઓફ સીબીઆઈના નેતૃત્વમાં નવ સભ્યોની ટીમે વ્યાપક દરોડાની કાર્યવાહી સવારે હાથ ધરી હતી. સૂત્રોએ કહ્યું છે કે યેદીયુરપ્પાના ડૉલર કોલોનીમાં નિવાસસ્થાન અને રેસ કોર્સ રોડ નિવાસ સ્થાન પર દરોડા પાડવામાં આવ્યા હતા. ઉપરાંત તેમના પુત્રો પૈકીના એકની માલિકીની કંપની ઉપર પણ દરોડા પાડવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે સીબીઆઈએ ૧૧મી મેના સુપ્રીમ કોર્ટના આદેશના અનુસંધાનમાં યેદીયુરપ્પા અને અન્યો સામે ગઈકાલે જ એક કેસ દાખલ કરી દીધો હતો. સીબીઆઈ દ્વારા યેદીયુરપ્પા સામે એફઆઈઆર દાખલ કરાયાના એક દિવસ બાદ જ આ દરોડાની કાર્યવાહી શરૂ થઈ હતી. કોઈ વાંધાજનક દસ્તાવેજો અને રોકડ રકમ મળી છે કે કેમ તેને લઈને સીબીઆઈના અધિકારીઓએ હજુ સુધી કોઈ ખુલાસો કર્યો નથી. સુપ્રીમ કોર્ટે ગેરકાયદે માઈનીંગના મામલામાં તપાસને વધુ ઝડપી બનાવવાના હેતુસર કેસ દાખલ કરવા સીબીઆઈને આદેશ કર્યો હતો. સીબીઆઈને આદેશ અપાયા બાદ સીબીઆઈએ ઝડપથી કાર્યવાહી હાથ ધરી હતી. સૂત્રોએ કહ્યું હતું કે દરોડાની કામગીરી સવારે ૬.૧૫ વાગે થઈ શરૂ હતી. આજે દિવસ દરમિયાન આ કાર્યવાહી જારી રહેશે. યેદીયુરપ્પા મુખ્યમંત્રી હતા ત્યારે મોટાપાયે ગેરરીતિ થઈ હોવાનો આક્ષેપ તેમના ઉપર કરવામાં આવી ચૂકયો છે. યેદીયુરપ્પા ભાજપમાં આંતરિક ખેંચતાણના કારણે પણ મુશ્કેલીમાં મૂકાયા છે. યેદીયુરપ્પા અને મુખ્યમંત્રી ગોડા વચ્ચે પણ ખેંચતાણ ચાલી રહી છે. યેદીયુરપ્પાએ સોમવારે કહ્યું હતું કે તેઓએ પાર્ટીમાંથી છેડો ફાડવાનો નિર્ણય કર્યો છે જો કે મોડેથી તેઓએ ભાજપના વરિષ્ઠ નેતા અરુણ જેટલી અને અન્યો દ્વારા સમજાવવામાં આવ્યા બાદ આ નિર્ણય મોકૂફ કરી દીધો હતો. પોલીસ સૂત્રોએ કહ્યું છે કે દરોડા બેલ્લારી જિલ્લામાં બે માઈનીંગ કંપનીઓની ઓફિસ ઉપર પણ પાડવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગેરકાયદે માઈનીંગના મામલે લોકાયુક્તના અહેવાલના મામલામાં દોષિત આવ્યા બાદ ગયા વર્ષે યેદીયુરપ્પાને કર્ણાટકના મુખ્યમંત્રી તરીકે રાજીનામું આપી દેવાની ફરજ પડી હતી. વ્યાપક ગેરરીતિ કરવાનો તેમના ઉપર આક્ષેપ મૂકાયો હતો.



## કરકસરનાં પગલાં લેવા પ્રણવ મુખર્જીનો સ્પષ્ટ સંકેત

નવી દિલ્હી,તા.૧૬

રૂપિયો રેકોર્ડ નીચી સપાટીએ પહોંચી ગયા બાદ નાણામંત્રી પ્રણવ મુખર્જીએ શેરબજાર સાથે સંકળાયેલા લોકો અને કારોબારીઓની દહેશતને દૂર કરવાના પ્રયાસરૂપે નિવેદન કર્યુ હતુ. પ્રણવે કહ્યુ હતુ કે દહેશતમાં રહેવાની જરૂર નથી. પરંતુ કરકસરના પગલા ચોક્કસ પણે લેવાનો સમય છે. પ્રણવે દાવો કર્યો હતો કે ગ્રોથ સ્ટોરી અકબંધ રહેલી છે. પ્રણવે પ્રવર્તી રહેલી સ્થિતિ અંગે તમામ પાસાઓ ઉપર વિસ્તારપૂર્વક વાત કરી હતી. તેમણે એમ પણ કહ્યુ હતુ કે અર્થતંત્ર માટે મુશ્કેલી સ્થિતિ રહેલી છે. આ સમસ્યાઓને પાર પાડવા કરકસરના પગલાઓનો નવો રાઉન્ડ શરૂ કરવામા આવશે. જો કે ચિંતાની કોઈ જરૂર હોવાનો ઈન્કાર કર્યો હતો. ફાઈનાન્સ બિલ ૨૦૧૨ ઉપર રાજ્યસભામા ચર્ચાને સમેટી લેતા તેમણે કહ્યુ હતુ કે ભારતમાં ગ્રોથ સ્ટોરી અકબંધ રહેલી છે. ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી)માં સુધારો થયો હોવા છતાં ગ્રોથ સ્ટોરી અકબંધ છે. જીડીપી અગાઉના બે વર્ષમાં ૮.૪ ટકાથી ઘટી ૨૦૧૧-૨૦૧૨માં ૬.૯ ટકાની ચિંતાજનક નીચી સપાટીએ પહોંચ્યો છે. પ્રણવે કહ્યુ હતુ કે આંતરરાષ્ટ્રીય સ્થિતિ ખૂબ જ ચિતાજનક બનેલી છે. આર્થિક કટોકટી વણસી જવાના સંકેત દેખાઈ રહ્યા છે. તેમણે કહ્યુ હતુ કે



આ વાત તેઓ નિખાલસપણે કબૂલ છે કે અર્થતંત્ર સામે ઘણા પડકાર રહેલા છે. ગૃહે મોડેથી બિલ પરત કર્યુ હતુ. યૂરો ઝોનમા પ્રવર્તી કટોકટી અને ભારત ઉપર તેની અસરનો ઉલ્લેખ કરતા નાણામંત્રીએ કહ્યુ હતુ કે સરકાર નાણાકીય સમસ્યાઓને હાથ ધરવા કેટલકા કઠોર પગલા જાહેર કરશે. લોકોને ગમે કે ના ગમે પરંતુ કેટલાક એવા પગલા લેવામા આવશે કારણ કે સ્થિતિને સુધારવાની જરૂર છે જો કે પ્રણવે કરકસરના કયા પગલા લવાશે તે અંગે વાત કરી ન હતી. બીએસઈ સેંસેક્સ ખૂબ નીચી સપાટીએ પહોંચી ગયા બાદ પ્રણવે આ નિવેદન કર્યુ હતુ. દરમિયાન પ્રણવે તૃણમુલ કોંગ્રેસથી દાબણ વચ્ચે કહ્યુ હતુ કે તેઓ કોઈ એક રાજ્યને છૂટછાટની ઓફર કરી શકે નહીં. ત્રણ દેવામાં ડૂબેલા રાજ્યો માટે પેકેજ ઉપર તેઓ વિચારણ કરી રહ્યા છે જેમા પંજાબ,કેરળ અને પશ્ચિમ બંગાળનો સમાવેશ થાય છે. નાણામંત્રીએ કહ્યુ હતુ કે મૂડીરોકાણકારોને વધુ ચિંતિત રહેવાની જરૂર નથી. ગ્રોથ સ્ટોરી અકબંધ રહેલી છે. પ્રણવે જીડીપીના બે ટકા સુધી સબસિડી બિલને લાવવા ગંભીર પગલા લેવા ભાર મુક્યો હતો. સરકાર માત્ર ગ્રાહકો ઉપર ઉંચી તેલ કિંમતોનો બોજ નાખી શકે નહી. સરકાર તમામ સમસ્યાઓ ઉપર નજર રાખી રહી છે. આરબીઆઈની પણ આર્થિક સ્થિતિ પર નજર છે.

## રૂપિયાની નબળી સ્થિતિ અંગે ભાજપમાં પણ ચિંતાનું મોજું

નવી દિલ્હી, તા.૧૬

રૂપિયો એતિહાસિક નીચી સપાટીએ પહોંચી ગયા બાદ વિપક્ષે પણ આજે લોકસભામા ચિંતા વ્યક્ત કરી હતી. લોકસભામા વિપક્ષના સભ્યોએ આ સ્થિતિનો સામનો કરવા સરકાર દ્વારા લેવામા આવી રહેલા પગલા અંગે વિસ્તારપૂર્વક વાત કરવા અપીલ કરી હતી. વિપક્ષના સભ્યોએ એવી દહેશત વ્યક્ત કરી હતી કે ૧૯૯૧ની સ્થિતિનુ પુનરાવર્તન થઈ શકે છે. ૧૯૯૧માં ભારત સામે ચુકવણીની સમસ્યા સર્જાઈ હતી જેના પરિણામ સ્વરૂપે સોનાને ગિરે મૂકી દેવાની ફરજ પડી હતી. ભાજપના વરિષ્ઠ નેતા મુરલી મનોહર જોશીએ શૂન્યકલાક દરમિયના જણાવ્યુ હતુ કે અમારા અર્થતંત્રમા કટોકટી ચિંતાજનક રીતે વધી રહી છે. અમે ૧૯૯૧ની દિશામા આગળ વધી રહ્યા છે. ભાવ વધારાના કારણે પરિસ્થિતિ સામાન્ય લોકો માટે કાબૂ બહાર જતી રહી છે. ભાવ વધારા અંગે ચિંતાવ્યક્ત કરતા તથા આંતરરાષ્ટ્રીય માર્કેટમાં રૂપિયાના અવમૂલ્યન અંગે વાત કરતા જોશીએ કહ્યુ હતુ કે સૌથી પહેલા અમેરિકામા આર્થિક મંદી હતી ત્યારબાદ યુરોપમા મંદી નોંધાઈ હતી. હવે ભારત પણ તેના સંકજામા આવી રહ્યુ છે. આજે રૂપિયા ડોલર સામે ૫૪૪૬ની સપાટીએ પહોંચ્યો હતો. સરકાર દ્વારા કયા પગલા લેવામા આવી રહ્યા છે તે અંગે વાત કરતા જોશીએ કહ્યુ હતુ કે રૂપિયમા કડકાનો મતલબ એ છે કે ભારતીય મજૂરોની સ્થિતિ વધુ ખરાબ થશે.

## અમરનાથ યાત્રા માટેની અવધી વધારવા માંગણી

નવી દિલ્હી,તા.૧૬

વાર્ષિક અમરનાથ યાત્રાની અવધીને ઘટાડવાના મામલે ચિંતા વ્યક્ત કરીને ભાજપે આજે અમરનાથ યાત્રાની અવધીને વધારવાની રજુઆત કરી હતી. વધુને વધુ શ્રદ્ધાળુઓ અમરનાથ યાત્રામાં ભાગ લઈ શકે તે હેતુથી અવધીને વધારવાની રજુઆત કરવામાં આવી છે. શુન્ય કલાક દરમિયાન આ મુદ્દો ઉઠાવતા રાજ્યસભામાં વિપક્ષના નેતા અરૂણ જેટલીએ કહ્યું હતું કે યાત્રીઓની સંખ્યામાં ઘટાડો થાય તેમ શ્રદ્ધાળુઓ અને સ્થાનિક કાશ્મિરી લોકો પણ ઈચ્છતા નથી. દર વર્ષે યાત્રીઓની સંખ્યા વધે તેવો પ્રયાસ થવો જોઈએ. આ મામલે સરકાર તરફથી જવાબ આપવાની રજુઆત કરવામાં આવી હતી. ભાજપના સભ્યોએ આ મામલામાં વડાપ્રધાનના જવાબની માંગણી કરી હતી. આ માંગ થઈ ત્યારે વડાપ્રધાન મનમોહનસિંહ રાજ્યસભામાં ઉપસ્થિત હતા. વડાપ્રધાન અથવા કેબિનેટના તેમના સાથીઓ તરફથી કોઈપણ રજુઆત કરવામાં ન આવતા ભાજપના સભ્યો નેજમાં હેપતુલ્લાએ કહ્યું હતું કે અમરનાથ યાત્રાની અવધી વધારવામાં આવે તે જરૂરી છે. આ ખુબ જ મહત્વપૂર્ણ મામલો છે. માંગણી સતત જારી રહેતા એ ગાળામાં ચેરમેન રહેલા પીજે કુરિયને કહ્યું હતું કે તેઓ સરકારને આદેશ આપી શકે નહીં પરંતુ સરકાર જવાબ આપે તેમાં તેમને કોઈ વાંધો નથી. જેટલીએ કહ્યું હતું કે છેલ્લા પાંચ વર્ષમાં યાત્રાના ગાળાને ઘટાડવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે અમરનાથ યાત્રા શરૂ થવા આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે આની તૈયારીઓ યુદ્ધના ધોરણે ચાલી રહી છે.

## રૂપિયો ફરીથી ઓલ ટાઇમ નીચી સપાટીએ : સરકારની ઉંઘ હરામ

મુંબઈ,તા.૧૬

વૈશ્વિક વેચાણ અન્ય શ્રેણીબદ્ધ જોખમી પરિબળોના પરિણામ સ્વરૂપે ડોલર સામે રૂપિયો નવા રેકોર્ડ નીચી સપાટીએ પહોંચી ગયો છે. ડોલર સામે રૂપિયો આજે એક વખતે ૫૪.૫૨ની નવી રેકોર્ડ નીચી સપાટીએ પહોંચ્યો હતો. તેમાં વધુ ઘટાડો થવાના પણ સંકેત દેખાઈ રહ્યા છે. આરબીઆઈની પરિસ્થિતિ ઉપર ચાપતી નજર હોવા છતાં રૂપિયામાં હજુ ઘટાડો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. ડીલરોનુ કહેવુ છે કે આરબીઆઈ વધુ ડોલરોનુ વેચાણ કરે તેવી શક્યતા છે. ડોલર સામે આજે કારોબારના અંતે રૂપિયો ૫૪.૪૯ની ઓલ ટાઈમ લો સપાટીએ રહ્યો હતો. ગઈકાલે કારોબારના અંતે રૂપિયો ૫૩.૭૯ની સપાટીએ રહ્યો હતો. આનો મતલબ એ થયો કે આજે કારોબારના અંતે ડોલર સામે રૂપિયો ૭૦ પૈસા ઘટી ૫૪.૪૯ની સપાટીએ રહ્યો હતો. રૂપિયો બપોરના કારોબાર દરમિયાન ૫૪.૪૬ની નીચી સપાટીએ પહોંચ્યો હતો. ઘટતા જતા રૂપિયાની સ્થિતિ અંગે મૌન તોડતા રિઝર્વ બેંકે કહ્યુ હતુ કે ઉથલપાથલને રોકવા બનતા તમામ પગલા તેના દ્વારા લેવામાં આવશે. બીજી બાજુ સંસદમાં નિવેદન કરતા નાણામંત્રી પ્રણવ મુખર્જીએ કહ્યુ હતુ કે યુરોઝોનમા કટોકટીના કારણે આ સ્થિતિ સર્જાઈ છે. આજે ડોલરની સરખામણીમાં રૂપિયો ૫૪.૪૬ની નીચી સપાટીએ એક વખતે પહોંચ્યો હતો. આ અગાઉ ૧૫ ડિસેમ્બરના દિવસે કારોબારમાં રૂપિયો ડોલર સામે ૫૪.૩૨ સુધી પહોંચ્યો હતો જે હજુ સુધી સૌથી નીચી સપાટી છે. મંગળવારના દિવસે રૂપિયો ડોલર સામે ૫૩.૭૯ ઉપર બંધ રહ્યો હતો. નિષ્ણાંતો માને છે કે ડોલર સામે રૂપિયો હજુ પણ ઘટશે કારણ કે યુરો ઝોનમા અને ખાસ કરીને ગ્રીસમાં સ્થિતિ વણસેલી છે. બેન્કિંગ શેરમા તેની અસર વધારે દેખાઈ હતી. પ્રણવ મુખર્જીએ સબસીડી બિલને કાબૂમા લેવાની વાત કરી હતી. દરમિયાન રૂપિયાને કાબૂમાં લેવા તમામ પગલા લેવામા આવશે તેવી ખાતરી આરબીઆઈના ડેપ્યુટી ગવર્નર કેસી ચક્રવર્તીએ આપી હતી. તેમણે કહ્યુ હતુ કે ઉથલપાથલ ને રોકવા ફોરેક્સ માર્કેટમાં દરમિયાનગીરી કરવામા આવશે. શરૂઆતી કારોબારમાં જ રૂપિયો ઓલ ટાઈમ નીચી સપાટીએ પહોંચ્યો હતો. વેલ્યુને ટેકો નહી આપવાનો સંકેત આપ્યો છે. દરમિયાન અન્ય કેટલીક કંપનીઓના વડાઓએ આ અંગે વાત કરતા કહ્યુ છે કે રૂપિયો આગામી ત્રણ છ મહિનામા ડોલર સામે ૫૩-૫૪ની રેંજમાં રહેશે. રૂપિયાને ઘટતા રોકવા ગણતરી ચાલી રહી છે. ગયા ૧૫મી ડિસેમ્બરના દિવસે રૂપિયો ઈન્ટ્રાડે દરમિયાન ૫૪.૩૦ની લાઈફ ટાઈમ નીચી સપાટીએ પહોંચ્યો હતો. નિષ્ણાંતોનુ કહેવુ કે તેલ આયાત બિલ ૧૪૫ અબજ ડોલર સુધી પહોંચ્યુ છે જે નવી સમસ્યા સર્જે છે. રૂપિયાને કાબૂમા લેવા તરત પગલા જરૂરી બની ગયા છે.

## પૂર્વ ટેલિકોમ પ્રધાન રાજા અનેક પ્રકારની અટકળો વચ્ચે સંસદ પહોંચ્યા

નવી દિલ્હી, તા.૧૬

ટુજી સ્પેક્ટ્રમ કૌભાંડમાં મુખ્ય આરોપી એ રાજા તિહાર જેલમાથી છુટી ગયા બાદ આજે અનેક પ્રકારની અટકળો વચ્ચે સંસદ પહોંચ્યા હતા. આ કૌભાંડના સંબંધમા ગયા વર્ષે એક ફેબ્રુઆરીના દિવસે તેમની ધરપકડ કરવામા આવી હતી. ત્યારબાદથી રાજા તિહાર જેલમા હતા. રાજાને ગઈકાલે ૧૫ મહિનાના લાંબાગાળા બાદ જામીન મળી ગયા હતા. ૪૯ વર્ષીય રાજા પોતાની કારમાંથી ઉતર્યા ત્યારે મીડિયાની નજર તેમના ઉપર હતી. સંસદ ભવનમા પ્રવેશ કરી રાજા સીધા



લોકસભામા પહોંચ્યા હતા. રાજા ખૂબ જ ખુશ દેખાઈ રહ્યા હતા. જો કે રાજાએ સંસદ સંકુલમા ઉભેલા પત્રકારો સાથે કોઈ વાત કરી ન હતી. રાજા લોકસભામા પહોંચ્યા ત્યારે શૂન્ય કલાકની કામગીરી ચાલી રહી હતી. રાજા થોડાક સમય સુધી સંસદમાં રહ્યા હતા. કેટલાક સભ્યો સાથે વાતચીત કરતા નજરે પડ્યા હતા. થોડાક મીનિટો સુધી ગૃહમાં રહ્યા બાદ ડીએમકેના સભ્યોની સાથે તેઓ ગૃહમાથી બહાર જતા રહ્યા હતા. ટુજી કૌભાંડમાં મુખ્ય આરોપી રાજાને દિલ્હી હાઈકોર્ટે ગઈકાલે જામીન આપી દીધા હતા. ગઈકાલે જામીન આપતી વેળા કોર્ટે સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે રાજા તમિળનાડુ જઈ શકશે નહીં. ટુજી કેસમાં અન્ય ધરપકડ કરવામા આવેલા તમામ આરોપીઓને કોર્ટ દ્વારા જામીન મળી ગયા બાદ રાજાએ જામીન માટે અપીલ કરી હતી.

## નૂપુરના જામીન પર સુનાવણી ૨૨મી સુધી મોકૂફ કરી દેવાઈ

નવી દિલ્હી, તા.૧૬

અલ્હાબાદ હાઈકોર્ટે સનસનાટીપૂર્ણ આરુષિ-હેમરાજ ડબલ મર્ડર કેસમાં સહઆરોપી મુકુલ તલવારની જામીન અરજી પર સુનાવણી ૨૨મી મે સુધી મોકૂફ કરી દીધી હતી. હાઈકોર્ટે નૂપુર તલવારના વકીલ અને સીબીઆઈ તરફથી દલીલો સાંભળ્યા બાદ તેનો આ ચુકાદો આપ્યો હતો. સીબીઆઈએ નૂપુર તલવારનો જામીન આપવાનો જોરદાર વિરોધ કર્યો હતો. છેલ્લા ૧૭ દિવસમાં દસના જેલમાં રહેલા નૂપુર તલવારને હવે વધુ કેટલાક દિવસ જેલમા રહેવાની ફરજ પડશે. નૂપુર તલવારને કાયદાકીય ગૂંચનો સામનો કરવો પડશે. સુપ્રીમ કોર્ટ પણ તેમની સામે ઘડવામા આવેલા આરોપોને રદ કરવા તલવાર દ્વારા દાખલ કરવામા આવેલી સમીક્ષા અરજીની સુનાવણી હાથ ધરે તેવી શક્યતા છે. છેલ્લી સુનાવણીમાં ગાજીયાબાદની ટ્રાયલ કોર્ટે ડિફેન્સ વકીલને તપાસ સાથે સંબંધિત સીડી અને દસ્તાવેજો સોંપવા સીબીઆઈને આદેશ કર્યો હતો અને મામલાની સુનાવણી ૧૬મી મે સુધી નક્કી કરી હતી. જો કે ડિફેન્સ વકીલે આજની તારીખ પહેલા સીડી અને દસ્તાવેજો આપવા કહ્યુ હતુ. ટ્રાયલ કોર્ટે ત્યારબાદ મંગળવાર સુધી દસ્તાવેજો અને સીડી આપવા સીબીઆઈને સુચના આપી હતી. ૧૩ વર્ષીય આરુષિ અને નોકર હેમરાજ તલવારના નોયડા નિવાસ્થાને ૧૬-૧૭ મે ૨૦૦૮ની દિવસે મૃત હાલતમા મળી આવ્યા હતા. સૌથી પહેલા ઉત્તર પ્રદેશની પોલીસે તપાસ ચલાવી હતી ત્યાર બાદ કેસ સીબીઆઈને સોંપવામા આવ્યો હતો. ચાર વર્ષ બાદ પણ આ ડબલ મર્ડર કેસમા ઘણા રહસ્યનો ઉકેલ આવ્યો નથી.

## રેલવેની 'તત્કાલ' વેઈટીંગ ટિકિટ પહેલા ક્લિયર કરવાનો નિર્ણય

નવી દિલ્હી, તા.૧૬

રેલવે તત્કાલ ટિકિટમાં વેટીંગ લિસ્ટ વાળા યાત્રીઓને અન્ય યાત્રીઓની સરખામણીમા વધારે પ્રાથમિકતા આપવાના નિર્ણય કરવામા આવ્યો છે. આનો સીધો લાભ લાખો યાત્રીઓને થશે. રેલવેના તત્કાલ વેટીંગ ટિકિટ પહેલા ક્લીયર કરી દેવામા આવશે. આનો મતલબ એ થયો કે હવે કોઈપણ ટ્રેનમાં એક્સટ્રા કોચ લગાવવાની સ્થિતિમાં એવા યાત્રીઓને પહેલા સીટ આપવામા આવશે જે લોકો તત્કાલ યોજનામાં વેટીંગ ટિકિટ લઈ ચુક્યા છે. રેલવે મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ આ અંગેની માહિતી આપતાજણાવ્યુ છે કે યાત્રીઓની વધેલી સંખ્યાને ધ્યાનમાં લઈને આનિર્ણય કરવામા આવ્યો છે. યાત્રીઓના ધસારાને પહોંચી વળવા રેલવેએ અનેક સમર સ્પેશ્યલ ટ્રેનો પણ ચલાવી છે. ટ્રેનોમાં એક્સ્ટ્રા કોચ પણ લગાવામા આવી રહ્યા છે. તેમણે કહ્યુ હતુ કે જો કોઈ ટ્રેનમાં કોઈ એક્સ્ટ્રા કોચ લગાવવામા આવે છે તો વેટીંગ લિસ્ટમાં તત્કાલ ટિકિટ ધારકોને પ્રાથમિકતા આપવામા આવશે. તત્કાલમા ટિકિટ ખરીદનારને વધારે પૈસા આપવા પડે છે. હાલમા આ યોજના હેઠળ ટિકિટ એક દિવસ પહેલા જ બુક કરાવવામા આવે છે.

## ચાંદીની કિંમતમાં ૮૦૦નો ઘટાડો

નવી દિલ્હી,તા.૧૬

રાષ્ટ્રીય પાટનગર દિલ્હી અને અમદાવાદના બુલિયન બજારમા આજે મંદી જોવા મળી હતી. એક બાજુ રૂપિયો રેકોર્ડ નીચી સપાટીએ પહોંચી રહ્યો છે જ્યારે બુલિયન બજારમાં પણ અફડાતફડી જોવા મળી રહી છે. અમદાવાદ બુલિયન બજારમાથી પ્રાપ્ત અહેવાલ મુજબ આજે કારોબાર દરમિયાન ચાંદીના ભાવમાં ૮૦૦ રૂપિયાનો કડાકો બોલી ગયો હતો. ચાંદીનો ભાવ ગઈકાલે ૫૨૩૦૦થી ૫૨૮૦૦ રહ્યો હતો જે આજે ૫૧૫૦૦થી ૫૨૦૦૦ રહ્યો હતો. જેથી ૮૦૦ રૂપિયાનો ઘટાડો ચાંદીમા જોવા મળ્યો હતો. આવી જ રીતે સોનાના ભાવમા પણ ગઈકાલની સરખામણીમાં ઘટાડો નોંધાયો હતો. આવી જ રીતે સોનાનો ભાવ ગઈકાલે ૨૮૪૫૦થી ૨૮૫૫૦ રહ્યો હતો જે આજે ૨૮૩૦૦ અને ૨૮૪૦૦ વચ્ચે રહ્યો



હતો. જેથી સોનાના ભાવમાં ૧૫૦નો ગટાડો નોંધાયો હતો. સોનાની કિંમતમા દિલ્હી બુલિયન બજારમા સતત ત્રીજા દિવસે ઘટાડો નોંધાયો હતો. આંતરરાષ્ટ્રીય બજારમા નબળાઈ વચ્ચે આ સ્થિતિ સર્જાયેલી છે. છેલ્લા બે સેસનમાં ૨૭૦ રૂપિયાનો ઘટાડો થયા બાદ વધુ ૧૦૦ રૂપિયાનો ઘટાડો પ્રતિ દસ ગ્રામ નોંધાયો હતો. એશિયામાં સોનાની કિમતમાં ૦.૭ ટકાનો ઘટાડો નોંધાતા કિમત ઔંશ દીઠ ૧૫૩૩ ડોલર નોંધાઈ હતી. જે ગયા સપ્ટેમ્બર મહિનામાં ઓલ ટાઈમ હાઈ સપાટી કરતા ૨૦ ટકા ઓછી કિંમત છે. ૨૯મી ડિસેમ્બર બાદથી સૌથી ઓછી કિંમત બોલાઈ છે. રાષ્ટ્રીય પાટનગર ઉપરાંત દેશના અન્ય બુલિયન બજારમા પણ ઘટાડો નોંધાયો હતો. ચાંદીના સિક્કામાં ૧ હજાર રૂપિયા સુધીનો ઘટાડો નોંધાયો હતો. સોના અને ચાંદીના બજારમા હજુ સુધારા થવાના સંકેત દેખાઈ રહ્યા છે.

## આજીવન કારાવાસને ૩૦ વર્ષ કરવામાં આવે તેવી સંભાવના

નવી દિલ્હી,તા.૧૬

મૃત્યુદંડની સજાને લઈને ઘણા વર્ષોથી ચર્ચાઓનો દોર ચાલી રહ્યો છે. મૃત્યુદંડની સજાને ટાળવા અને આને નાબૂદ કરવાની રજૂઆત કરનાર લોકોની સંખ્યા પણ મોટી રહી છે. ખૂબ જ અસામાન્ય ક્રૂરતાના કેસમાં જ મૃત્યુદંડની સજા આરોપીઓને ફટકારવામાં આવે છે પરંતુ ન્યાયતંત્રમાં પણ હવે ઘણા સમયથી મૃત્યુદંડની સજાને લઈને ચર્ચા ચાલી રહી છે. હવે મૃત્યુદંડની સજાને ટાળવાના હેતુસર સુપ્રીમ કોર્ટ ગંભીર પ્રકારના ગુનાઓ માટે સજાને વધારવા વિચારી રહી છે. આજીવન કારાવાસની સજાના ગાળાને ૩૦ વર્ષ સુધી કરવાની હિલચાલ ચાલી રહી છે. ગંભીર ગુનાઓ માટે પૂરતી સજા માટે સમાજની રજૂઆતને પહોંચી વળવા આ ગણતરી ચાલી રહી છે. આજીવન કારાવાસની સજા પામેલા શખસને તેની બાકીની લાઈફ સળિયા પાછળ જ ગાળવી પડશે. હાલમાં આજીવન કારાવાસની સજાનો મતલબ ૧૪ વર્ષની જેલ છે. છેલ્લા ઘણા સમયથી માત્ર ભારતમાં જ નહીં બલ્કે દુનિયાના અન્ય દેશોમાં પણ મૃત્યુદંડની સજાને નાબૂદ કરવાની જોરદાર રજૂઆત થઈ રહી છે. આ ફેરફાર થવાના હવે એંધાણ દેખાઈ રહ્યા છે. કારણ કે સુપ્રીમ કોર્ટે મૃત્યુદંડની સજા લાદવા અને આજીવન કારાવાસની સજાને લઈને નવેસરથી હિલચાલ અને વિચારણા હાથ ધરી છે. બીએસ ચૌહાણ અને એફએમઆઈ કાલીફુલ્લાની બનેલી સુપ્રીમ કોર્ટની બેંચે બે આરોપીઓ માટે ૩૦ વર્ષની જેલની સજા ફટકારી હતી. તેની ચાર વર્ષની પુત્રી પર બળાત્કાર ગુજારી હત્યા કરવા બદલ આ સજા ફટકારી હતી જ્યારે અન્ય એક મામલામાં સગર્ભા થઈ ગયા બાદ ગર્ભપાત કરાવાનો ઈન્કાર કર્યા બાદ ગર્લફ્રેન્ડની હત્યા કરનારને આવી સજા ફટકારી હતી.

## એર ઈન્ડિયાના પાઈલોટ્સની હડતાળ જારી

નવી દિલ્હી,તા.૧૬

એર ઈન્ડિયામાં પ્રવર્તી રહેલી કટોકટી આજે વધુ ગંભીર બની હતી. સતત નવમાં દિવસે પાઈલોટની હડતાળ જારી રહેતા વધુ નવ ફ્લાઈટો રદ કરવામાં આવી હતી. મીડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે હડતાળનો અંત લાવવા પાયલોટો ઉત્સુક દેખાઈ રહ્યા નથી. બિનશરતી રીતે પાયલોટોની ફરિયાદ તરફ ધ્યાન આપતા સરકારે ખાતરી આપી દીધી છે અને ફરજ ઉપર પરત ફરવા પાયલોટોને કહેવામાં આવ્યું છે પરંતુ હડતાળી પાયલોટો તેમની માંગને લઈને મક્કમ દેખાઈ રહ્યા છે. લગભગ નાદારીના આરે પહોંચી ગયેલા એર લાઈનને વધુ ૧૫૦ કરોડ



રૂપિયાનું નુકસાન થઈ ચૂક્યું છે. એર ઈન્ડિયાને પુનઃ સજીવન કરવાના આ છેલ્લા પ્રયાસ ચાલી રહ્યા છે. લોકસભામાં ચર્ચાનો જવાબ આપવા નાગરિક ઉડ્ડયન પ્રધાન અજીત સિંહે કહ્યું છે કે જો હડતાળી પાયલોટો બિનશરતી રીતે વાતચીત માટે આગળ આવે છે તો તેમની માંગણી તરફ ધ્યાન આપવામાં આવશે. જો કે પહેલાંથી જ હકાલપટ્ટી કરવામાં આવી ચૂકેલા ૭૧ પાયલોટોના ભાવિ અંગે ટિપ્પણી કરવાનો અજીત સિંહે ઈન્કાર કર્યો હતો. હડતાળના લીધે યાત્રીઓમાં પણ ભારે તકલીફ જોવા મળી રહી છે. અજીત સિંહના કહેવા મુજબ હડતાળ કોઈપણ સમસ્યાનો ઉકેલ નથી. બિનશરતી રીતે તેમની તમામ બાબતો તરફ ધ્યાન આપવા સરકારે તૈયારી બતાવી છે. પરંતુ હડતાળનો અંત લાવવામાં આવે તે જરૂરી છે. એર ઈન્ડિયા મેનેજમેન્ટોએ પણ યાત્રીઓને તકલીફ ન પડે તે માટે પ્રયાસો હાથ ધર્યા છે. સિંહે કહ્યું છે કે હડતાળથી આઠ દિવસમાં ૧૫૦ કરોડનું નુકસાન થયું છે. પીક સિઝન દરમિયાન આ હડતાળ ચાલી રહી છે જે ખૂબ જ દુઃખદ બાબત છે. આઠ વર્ષના ગાળામાં બેલઆઉટ પેકેજ તરીકે સરકારે ૩૦ હજાર કરોડ રૂપિયા જાહેર કર્યા છે. પરંતુ આ પ્રકારની હડતાળ જારી રહેશે તો એર ઈન્ડિયાને મુશ્કેલ તબક્કામાંથી બહાર કાઢવાની બાબત વધુ મુશ્કેલરૂપ રહેશે. નેશનલ કેરિયરે દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ, હૈદરાબાદ, થિરુવનંતપુરમ, કોજીકોડે, અમદાવાદ, બેંગ્લોરથી દરરોજની ૨૧ ફ્લાઈટો જારી રાખી છે. એરલાઈને ગુરુવાર સુધી તેના લાંબા અંતરના રૂટ ઉપર બુકીંગ બંધ કર્યુ છે.